RNI Reg. GUJGUJ/2010/44893

Happy Ganesh Chaturthi

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

મિચ્છામી દુક્કડમ

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 149, Dt.07-09-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગણેશ મહોત્સવમાં થશે અધધધ...૨૫૦૦૦ કરોડનો વેપાર

## દેશભરમાં ૨૦ લાખથી વધુ ગણેશ પંડાલ : ગણપતિની મૂર્તિનો જ ૫૦૦ કરોડનો વ્યાપાર : ફુલ–માળા–ધુપ–પૂજન સામગ્રીનો પણ ૫૦૦ કરોડનો ધંધો : મિઠાઇ – પ્રસાદનો જ ૨૦૦૦ કરોડનો વેપાર થશે : મંડપ સજાવટ પાછળ ૧૦,૦૦૦ કરોડનો ખર્ચ : કેટરીંગ પાછળ 3000 કરોડ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
ગણેશ ચતુર્થી ભારતમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવતો તહેવાર છે. આ વખતે તે દેશભરમાં અભૂતપૂર્વ ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે. આ પ્રસંગે બજાર પણ પોતાના ખિસ્સા ભરવાની આશા રાખે છે. ભારતીય ઉદ્યોગપતિઓ ચીનમાં બનેલા સામાનથી દૂર રહીને ભારતીય ઉત્પાદનોનો પ્રચાર કરી રહ્યા છે. ખરીદદારોમાં પણ તેમની ભારે માંગ છે. ઈઅઝના અંદાજ મુજબ આ વર્ષે ગણેશ ચતુર્થીના દિવસે લગભગ ૨૫૦૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ થશે. આ તહેવારોની સિઝન બિઝનેસમેન માટે શાનદાર રહેવાની છે. રક્ષાબંધન અને જન્માષ્ટમીના દિવસે પણ ઘણા જૂના બિઝનેસ રેકોર્ડ તૂટી ગયા હતા.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (ઈઅઈઝ)ના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે ગણેશ ચતુર્થીના કારણે મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મધ્યપ્રદેશ, તમિલનાડુ અને ગોવા જેવા વિસ્તારોમાં આર્થિક ગતિવિધિઓ વધે છે. ઈઅઝના રાષ્ટ્રીય અધ્યક્ષ બીસી ભરતિયાએ જણાવ્યું કે આ રાજ્યોમાં સ્થાનિક વેપારીઓ દ્વારા કરવામાં આવેલા સર્વે બાદ જાણવા મળ્યું છે કે ૨૦ લાખથી વધુ ગણેશ પંડાલની સ્થાપના કરવામાં આવી છે. જો દરેક પંડાલ પરના ૫૦,૦૦૦ રૂપિયાના ન્યૂનતમ ખર્ચને પણ ધ્યાનમાં લેવામાં આવે તો આ આંકડો ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ થઈ જાય છે.

પ્રવીણ ખંડેલવાલે કહ્યું કે ગણેશ મૂર્તિઓનો બિઝનેસ ૫૦૦ કરોડ રૂપિયાથી વધુનો છે. ફૂલો, હાર, ફળ, નારિયેળ, ધૂપ અને અન્ય પૂજા સામગ્રીનું વેચાણ પણ ૫૦૦ કરોડ રૂપિયાની નજીક છે. મીઠાઈની દુકાનો અને હોમ બિઝનેસના વેચાણમાં રૂ. ૨૦૦૦ કરોડથી વધુનો વધારો જોવા મળે છે. આ સિવાય પરિવારો દ્વારા મોટા સમારોહ અને ભોજન સમારોહનું આયોજન કરવાને કારણે કેટરિંગ અને નાસ્તા પર લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ છે.

ખંડેલવાલે જણાવ્યું હતું કે રક્ષાબંધનથી શરૂ થયેલી આ તહેવારોની મોસમ ગણેશ ચતુર્થી, નવરાત્રી, દશેરા, કરવા ચોથ, દિવાળી, છઠ પૂજા અને ત્યારબાદની લગ્નની મોસમ સુધી ચાલુ રહેશે, જે ભારતીય અર્થવ્યવસ્થાને ઝડપી ગતિએ લઈ જશે.

આ શાશ્વત અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. નોંધનીય છે કે આ તહેવારોની સિઝન વેપારીઓ માટે શાનદાર રહેવાની છે. કારણ કે રક્ષાબંધન અને જન્માષ્ટમી પર પણ ઘણા જૂના બિઝનેસ રેકોર્ડ તૂટી ગયા હતા.

બી.સી.ભરતિયાએ જણાવ્યું હતું કે પ્રવાસન અને પરિવહન વ્યવસાયને પણ મોટું પ્રોત્સાહન મળે છે. ટ્રાવેલ કંપનીઓ, હોટલ અને પરિવહન સેવાઓ (જેમ કે બસ, ટેક્સી, ટ્રેન) ની માંગમાં વધારો જોવા મળે છે, જેનું ટર્નઓવર રૂ. ૨૦૦૦ કરોડને પાર કરી શકે છે. રિટેલ અને મર્ચેન્ડાઇઝની વાત કરીએ તો તહેવાર સંબંધિત કપડાં, જ્વેલરી, હોમ ડેકોરેશન અને ગિફ્ટ આઈટમનું વેચાણ પણ રૂ. ૩૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે.

આ ઉપરાંત વેસ્ટ મેનેજમેન્ટ અને પર્યાવરણીય સેવાઓને પણ મોટું પ્રોત્સાહન મળે છે. ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓને પણ લગભગ રૂ. ૫૦૦૦ કરોડનો બિઝનેસ મળશે.

નોધનીય છે કે, સમગ્ર દેશમાં તહેવારોનું આગવુ મહત્વ છે. દિવાળી સહિતના તહેવારોમાં વેપારીઓને તડાકો પહોંચે છે.

# હરિયાણામાં કોંગ્રેસની પ્રથમ યાદીમાં રેસલર વિનેશ ફોગટને ટીકીટ : ૨૮ ધારાસભ્યો રીપીટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
હરિયાણામાં આગામી માસમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૩૨ ઉમેદવારોની પ્રથમ યાદી બનાવી છે જેમાં મુખ્યમંત્રી નાયબસિંહ સૈની જેઓ લાડવા વિધાનસભા બેઠક પર ચૂંટણી લડી રહ્યા છે તેની સામે મેવાસિંહને મેદાનમાં ઉતાર્યા છે.

રાજયમાં ૯૦ બેઠકોમાંથી કોંગ્રેસે કુલ ૩૨ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં ૨૮ ધારાસભ્યોને ફરી એક વખત ટીકીટ આપવામાં આવી છે. ગઈકાલે કોંગ્રેસમાં સામેલ થયેલા



પહેલવાન વિનેશ ફોગટને કોંગ્રેસ પક્ષે ઝુલાના ધારાસભા બેઠક પરથી ચૂંટણી લડવા ટીકીટ આપી છે જયારે બજરંગ પુનીયાને કોંગ્રેસના કિસાન સેલના વડા બનાવી દેવામાં આવ્યા છે.

કોંગ્રેસની આ યાદીમાં પૂર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડા તેમની ગઢી સાંપતા કીલોઇ બેઠક પરથી ચૂંટણી લડશે તો કોંગ્રેસે જેલમાં બંધ રહેલા ધારાસભ્ય સુરેન્દ્ર પંવારને પણ ઉમેદવાર બનાવ્યા છે તે સોનીપથ પરથી ચૂંટણી લડશે પંવાર મની લોન્ડરીંગ કેસમાં જેલમાં બંધ છે.

૨૦૧૯ની ધારાસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૩૧ બેઠક મળી હતી. હરિયાણામાં ધારાસભા ચૂંટણી જીતવા કોંગ્રેસ ફેવરીટ હોવાથી કુલ ૯૦ બેઠકો માટે ૨૫૫૬ ઉમેદવારોએ ટીકિટ માંગી હતી અને અનેક બેઠકો પર ૪૦ વધુ દાવેદારો હતા.

કોંગ્રેસે કુલ ૭૧ બેઠકોના નામ ફાઈનલ કરી રાખ્યા છે પરંતુ ૩૨ના નામ જ જાહેર કર્યા છે. રાજયમાં મુખ્યમંત્રી પદ માટે અનેક નેતાઓ દાવેદાર છે. ખાસ કરીને પૂર્વ કેન્દ્રીય મંત્રી કુમારી સેલજા ઉપરાંત વરિષ્ઠ નેતા રણદીપ સુરજેવાલા અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્ર હુડ્ડાનો સમાવેશ થાય છે.

કુમારી સેલજાએ હાલમાં જ લોકસભા ચૂંટણી જીતી છે. જયારે રાજયસભાના સાંસદ રણદીપ સુરજેવાલાને ખુલ્લેઆમ મુખ્યમંત્રી પદનો દાવો કર્યો છે. ગઈકાલે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં વિનેશ ફોગટ અને બજરંગ પુનીયા પણ કોંગ્રેસમાં જોડાઇ ગયા હતા.

# ગુજરાતમાં SBI અને BOBની ગ્રામીણ બેંકનું વિલીનીકરણ કરવાની તૈયારીઃ મોબાઈલ બેન્કીંગ આવશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
દેશમાં ગ્રામીણ ક્ષેત્રે ધિરાણ માટે જે રીતે ગ્રામીણ બેંકોની સ્થાપના કરવામાં આવી છે તેમાં હવે આગામી દિવસોમાં એક રાજય એક ગ્રામીણ બેંકની નવી પોલીસી અમલમાં મુકવા તૈયારી છે અને દરેક રાજયોમાં એકથી વધુ ગ્રામીણ બેંકો હશે તો તેને મર્જ કરી દેવાશે.




કેન્દ્ર સરકારે આ અંગે ગ્રામીણ બેંકોમાં કાર્યક્ષમતા લાવવા માટે ખાસ યોજના ઘડી છે. અને આગામી દિવસોમાં તેનો સત્તાવાર રીતે અમલ શરૂ થઈ જશે. કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા બ્લુ પ્રિન્ટ તૈયાર કરી છે આ ઉપરાંત ગ્રામીણ બેંકો અને જાહેર ક્ષેત્રની બેંકો વચ્ચે હાલ જે ધિરાણ માટે એક સ્પર્ધાત્મક સ્થિતિ છે તે ટાળવા પણ નિર્ણય લેવાયો છે.

હાલ દેશમાં કુલ ૪૩ ગ્રામીણ બેંકો છે તેમાંથી ઘટાડીને ૩૦ કરવામાં આવશે અને એક મુખ્ય બેંક નકકી કરીને અન્ય બેંકોને તેમાં ભેળવી દેવાશે. વાસ્તવમાં ગ્રામીણ ધીરાણમાં સરકાર હવે એક મોટો બદલાવ લાવી રહી છે અને એકથી વધુ રાષ્ટ્રીયકૃત બેંકો ગ્રામીણ બેંક ચલાવે તે દુર કરાશે ગુજરાતની જ વાત કરીએ તો બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બંનેની ગ્રામીણ બેંકો છે.

સૌથી વધુ ગ્રામીણ બેંકો આંધ્રપ્રદેશ, ઉતરપ્રદેશ અને પંજાબમાં છે. જયાં ત્રણ-ત્રણ રાષ્ટ્રીયકૃત પોતાની ગ્રામીણ બેંક ચલાવે છે અને ધિરાણનું ડુપ્લીકેશન થવાની તૈયારી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સૌથી વધુ ૧૪ ગ્રામીણ બેંકો ધરાવે છે જયારે પંજાબ નેશનલ બેંક પાસે ૯, કેનેરા બેંક પાસે ૪ ગ્રામીણ બેંકો છે.

મોટાભાગની રાષ્ટ્રીયકૃત બેંકો આ ગ્રમીણ બેંકોને સ્પોન્સર કરે છે જોકે ગ્રામીણ બેંકોનું પરફોર્મન્સ સુધાર્યુ છે. કુલ ૭૫૭૧ કરોડનો નફો કર્યો છે તથા આ બેંકોનું ગ્રોસ એનપીએ છેલ્લા ૧૦ વર્ષમાં નીચુ ૬.૧ ટકા ગયું છે.

નાણામંત્રી નિર્મલા સિતારામને ગત મહિને આ અંગે એક બેઠક યોજી હતી. જેમાં ગ્રામીણ બેંકોમાં પણ ડીજીટલ ટેકનોલોજીને વેગ આપવા માટે ભાર મુકવામાં આવ્યો હતો. રીઝર્વ બેંક પણ માને છે કે ગ્રામીણ બેંકોની સંખ્યા મર્યાદિત હોવી જોઈએ. જોકે આ બેંકો ગ્રામીણ ધિરાણમાં મહત્વની ભૂમિકા ભજવે છે અને તેથી તેનું માળખુ વધુ મજબુત કરવાથી ગ્રામીણ ક્ષેત્રોને મોટો ફાયદો થશે તે નિશ્ચિત છે.

આ ઉપરાંત જે વિસ્તારોમાં હજુ ગ્રામીણ બેંકો પહોંચી શકી નથી ત્યાં મોબાઈલ ગ્રામીણ બેંકની પણ એક શકયતા વિચારવા જણાવ્યું છે જે ચોકકસ સમયે દુરના ક્ષેત્રમાં જઈને ધિરાણ સહિતની ભૂમિકા ભજવશે.

# તહેવારોમાં મોબાઈલ વેંચાણનું ૫૦% થી વધુ માર્કેટ કબ્જે કરવા ઓનલાઈન કંપનીઓની તૈયારી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
દિપાવલી સહિતના તહેવારો આવતા હવે લીગ ડિસ્કાઉન્ટના દિવસો શરૂ થયા છે અને તેમાં સૌની નજર ઈ-કોમર્સ કંપનીઓ અને ઓનલાઈન પ્લેટફોર્મ પર છે તથા ખાસ કરીને એમેઝોન, ફલીપકાર્ટ સહિતની કંપનીઓએ ભારે વિરોધ વચ્ચે પણ ફરી એક વખત મોબાઈલ માર્કેટ કબ્જે કરવા તૈયારી કરી છે.

હાલમાં ઓફલાઈન સ્ટોર એટલે કે રીટેઈલ મોબાઈલ વિક્રેતાઓએ તમામ મોબાઈલ કંપનીઓએ ચેતવણી આપી હતી કે જે રીતે ઓનલાઈન ઈ-કોમર્સ કંપનીઓ મોબાઈલ હેન્ડસેટ પર ડિસ્કાઉન્ટ આપીને તેનો ધંધો ખેંચી જાય છે તો તેના બદલે આ પ્રકારના ડિસ્કાઉન્ટ ઓફલાઈન એટલે કે રીટેઈલમાં મળી રહે તે કંપનીઓએ નિશ્ચિત કરવું જોઈએ.

જોકે ઓનલાઈન બિઝનેસ સ્ટેટેજી જ અલગ છે. અને અહીં બલ્ક ખરીદી સહિતના વ્યુહના કારણે મોબાઈલ કંપનીઓ ઓફલાઈન વેંચનારાઓને જબરૂ ડિસ્કાઉન્ટ પણ આપતી હોય છે જે તેના ગ્રાહકોને ઓફર કરે છે અને આ દિવાળીએ ઈ-કોમર્સ કંપનીઓ મોબાઈલ હેન્ડસેટ વેચાણ માટે એક જબરો શો કરશે તે નકકી છે અને મોટા ભાગના મોડેલ પર ભારે ડિસ્કાઉન્ટ આવી રહ્યું છે.

નિષ્ણાંતો માને છે કે, ઈ-કોમર્સ કંપનીઓ મોબાઈલ વેંચાણનું ૫૦ થી ૬૦ ટકા બજાર કબ્જે કરવાની તૈયારીમાં છે અને ગણેશ ચતુર્થી એટલે કે આજથી ડિસ્કાઉન્ટની ઓફર શરૂ થઈ છે જે દિવાળી આવતા સુધીમાં તેના



ટોચના સ્તરે હશે.

ઓનલાઈન ચેનલોને જે રીતે મોબાઈલ કંપનીઓ બલ્ક ખરીદીના કારણે ડિસ્કાઉન્ટ આપે છે તે રીટેલ એટલે કે ઓફલાઈન સ્ટોર માટે શકય જ નથી. ઉપરાંત અહીં સપ્લાય ચેન પણ ખુબ મોટી છે જેથી વચ્ચેનો નફો પણ ચડતો જાય છે અને તેના કારણે પણ ઓનલાઈન વેંચાણ સૌથી વધુ બને છે.

સેમસંગ, રીયલમી સહિતની બ્રાન્ડ દ્વારા રીટેલની ફરિયાદો પ્રત્યે બહુ ચિંતા કરાતી નથી અને ઓનલાઈન કંપનીઓએ રૂા. ૩૦ હજાર કે તેથી ઉપરના મોબાઈલ ફોન પર ભારે ડિસ્કાઉન્ટની તૈયારી કરી છે જેથી લાંબા સમયથી આ પ્રકારના મોડેલ જેનું વેંચાણ ધીમુ હતું તેમાં વેગ આવશે.

# પશ્ચિમ બંગાળના રાજયપાલ આનંદ બોઝે બંગાળ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ અપરાજિતા બિલને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલ્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આનંદ બોઝે બંગાળ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ અપરાજિતા બિલને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલી દીધું છે. તેણે શુક્રવારે (૬ સપ્ટેમ્બર) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર આ માહિતી આપી હતી.

રાજ્યપાલે કહ્યું- બિલમાં ઘણી ખામીઓ હતી. અગાઉ બિલ સાથે મોકલવામાં આવેલ ટેક્નિકલ રિપોર્ટ આપવામાં આવ્યો ન હતો. મારા વાંધો પછી, મુખ્ય સચિવે ટેકનિકલ અહેવાલ રજૂ કર્યો, પરંતુ ચર્ચાનું લખાણ અને તેનું ભાષાંતર હજુ પણ વિધાનસભાને મોકલવામાં આવ્યું નથી. મમતા સરકારે ઉતાવળ કરવી જોઈએ નહીં..

ટેક્નિકલ રિપોર્ટ મળ્યા બાદ તરત જ બિલને રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યું હતું. હવે પશ્ચિમ બંગાળનું બળાત્કાર વિરોધી બિલ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને અરુણાચલ પ્રદેશના સમાન બિલની લાઇનમાં જોડાય છે જે રાષ્ટ્રપતિ પાસે પેન્ડિંગ છે.

રાજ્યપાલે જણાવ્યું કે, બિલને જોતા સ્પષ્ટ થાય છે કે બિલ ઉતાવળમાં પસાર કરવામાં આવ્યું છે. લોકો ન્યાય માટે વધુ રાહ જોઈ શકતા નથી. હાલના કાયદાનો ન્યાય માટે ઉપયોગ થવો જોઈએ. બિલ કાયદામાં પરિવર્તિત થાય તેની રાહ જોઈ શકતો નથી.

બોસે રેપ-મર્ડર કેસ અંગે કહ્યું- જે લોકોએ ખોટું કર્યું તેમની વિરુદ્ધ ૠઈંછદાખલ થવી જોઈએ. તેમને સજા થવી જોઈએ. આજે બંગાળમાં કાયદો છે, પરંતુ તેનું યોગ્ય રીતે પાલન થઈ રહ્યું નથી. કેટલાક લોકોને કાયદા હેઠળ સુરક્ષા આપવામાં આવી રહી છે.

પોલીસનો એક ભાગ ભ્રષ્ટ છે, જ્યારે એક ભાગનું ગુનાહિત અને એક ભાગનું રાજનીતિકરણ કરવામાં આવ્યું છે. પીડિતાના માતા-પિતાએ મને કેટલીક વાતો કહી છે જે હૃદયદ્રાવક છે. તે આ મામલે ન્યાય ઈચ્છે છે. સમગ્ર બંગાળી સમાજ ન્યાય ઈચ્છે છે. ન્યાય મળવો જોઈએ.

હકીકતમાં, ૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં તાલીમાર્થી ડોક્ટરની બળાત્કાર-હત્યા બાદ રાજ્ય સરકાર પર મહિલાઓની સુરક્ષાને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે. મમતા સરકારે ૩ સપ્ટેમ્બરે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં



બળાત્કાર વિરોધી બિલ રજૂ કર્યું હતું.

આ અંતર્ગત પોલીસે રેપ કેસની તપાસ ૨૧ દિવસમાં પૂરી કરવાની રહેશે. વિધાનસભામાંથી બિલ પાસ થયા બાદ તેને રાજ્યપાલને મોકલવામાં આવ્યું હતું. ખરડામાં ઘણી ખામીઓને ટાંકીને રાજ્યપાલે તેને રાષ્ટ્રપતિ પાસે મોકલી આપ્યો હતો. રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા બાદ જ આ બિલ કાયદામાં પરિવર્તિત થશે.

# અમરેલીમાં ઘઉંની ગુણીઓ પડતા પાંચ મજૂરો દબાયાઃ એકનું મોત

**મુખ્ય સમાચાર,અમરેલી**
અમરેલીના નવા માર્કેટીંગ યાર્ડમાં આવેલા એક ગોડાઉનમાં ઘઉંની ગુણો ઉતારતી સમયે અકસ્માતે ગુણીઓ પડતા પાંચ મજૂરો દબાયા હતા. જેમાં એક મજૂરનું મોત નિપજ્યું છે જ્યારે અન્ય ચારને ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

અમરેલીના નવા માર્કેટીંગ યાર્ડમાં આવેલા વેપારીના એક ગોડાઉનમાં આજે મજૂરો ઘઉંની ગુણીઓ ઉતારી રહ્યા હતા. અકસ્માતે ગુણીઓ મજૂરોની માથે ધસી પડતા પાંચ મજૂરો દબાયા હતા જેમાં એકનું મોત નિપજ્યું છે. જ્યારે ચાર મજૂરો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

નવા માર્કેટીંગ યાર્ડમાં બનેલી આ ઘટનાના પગલે વેપારીઓ અને અન્ય



મજૂરોમાં દોડધામ મચી હતી.અમરેલી નવા માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી તુષાર હાપાણીનો સંપર્ક કરતા કહ્યું હતું કે, યાર્ડમાં આવેલ વેપારીના ગોડાઉનમાં ઘઉંની મોટી થપ્પી કરેલી હતી. નવા માર્કેટીંગ યાર્ડમાં આવેલા વેપારીના ગોડાઉનમાં બનેલી આ ઘટનામાં નવા ખીજજડીયા ગામના વિપુલ દિનેશભાઈ કનક નામના ૩૦ વર્ષીય મજૂરનું મોત નિપજ્યું છે. જ્યારે જયંતીભાઈ જીવરાજભાઈ ભેસાણીયા, વિપુલ ગોહિલ, ધનસુખભાઈ દેવજીભાઈ ભેસાણીયા અને નટુભાઈ ભાલુ નામના ચાર મજૂરો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જળસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ કરાયો

જામનગર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુરત ખાતે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પજળ સંચય જન ભાગીદારીથ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પહેલ અંતર્ગત ચાલી રહેલા જળ શક્તિ અભિયાન– કેચ ધ રેઈન મુવમેન્ટને વેગ મળશે. લાંબા સમયગાળા માટેના જળ વ્યવસ્થાપનનું સુચારુ આયોજન આ પહેલ થકી મજબૂત બનશે. જેનાથી વરસાદી પાણીનો સંગ્રહ વધશે અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે. કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય અને રાજ્ય સરકારના સહયોગથી ગુજરાતમાં જળ સંચય જન ભાગીદારી પહેલ શરૂ કરવામાં આવી છે. આજરોજ રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના મંત્રી સી.આર.પાટીલ, ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી સહિત અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જાહેર જનતાને સંબોધિત કરી હતી. કાર્યક્રમ અંતર્ગત જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે ઉપરોક્ત કાર્યક્રમનું લાઈવ બ્રોડકાસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને અન્ય આગેવાનો વર્ચ્યુઅલ સ્ક્રીનીંગ માધ્યમથી કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમમાં કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે, દેશના તમામ નાગરિકો માટે વરસાદનું પાણી કઈ રીતે બચાવવું, પીવાના પાણીનો કઈ રીતે સંગ્રહ કરવો તેના માટે કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા જળ સંગ્રહ અભિયાન સમગ્ર દેશમાં ચાલી રહ્યું છે. ગુજરાતમાં પૂરજોશથી આકાર્યક્રમની અમલવારી થાય તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મહત્તમ રીતે વરસાદનું પાણી જમીનમાં ઉતરે તે માટે અનેકવિધ યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા લાગુ પાડવામાં આવી છે. આ ખેડૂતોના હિત માટેનો કાર્યક્રમ છે એટલે જામનગર જિલ્લાના મહત્તમ ખેડૂતો આ કાર્યક્રમમાં ભાગ લે તેવી મંત્રીએ અપીલ કરી હતી.



# જામનગર મહાપાલિકાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં મેળાની મુદત વધારને લીલીઝંડી અપાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાપાલિકાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં મેળાની મુદત વધારને લીલીઝંડી અપાઈ હતી. બીજી બાજુ વહીવટીતંત્ર દ્વારા પર્ફોર્મન્સ લાયસન્સની મુદત વધારો કરાયો છે. રાજકોટ રોડથી ધોરીવાવ સુધી સીસી રોડ માટે રૂ.૬૭.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવશે. જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ચેરમેન નિલેષ કગથરાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વોર્ડ નં.૧૧માં મહાપ્રભુજી બેઠક વિસ્તારમાં આંગણવાડીમાં સીસી રોડ, સીસી બ્લોક માટે રૂ.૧૦ લાખ મંજૂર કરાયા હતાં.વોર્ડ નં.૧૬માં જામનગર-રાજકોટ રોડથી ધોરીવાવ ગામ સુધી ભાગ-૧માં સીસી રોડ માટે રૂ.૩૪.૭૦ લાખ, ભાગ-૨ માટે રૂ.૩૨.૪૮ લાખનું ખર્ચ મંજુર કરાયું હતું. વોટર વર્કસ શાખાના ડંકી વિભાગ માટે છકડો રિક્ષા ભાડા માટે રૂ.૧.૪૨ લાખ, લેબર-લો કન્સલટન્ટની નિમણૂક કરવા માટે વાર્ષિક રૂ.૬ લાખનું ખર્ચ મંજુર કરાયું હતું.જયારે ત્રણ દરખાસ્ત અધ્યક્ષ સ્થાનેથી રજુ થઈ હતી. જેમાં શ્રાવણી લોકમેળામાં અન્વયે સરકારી ગાઈડલાઈન મુજબ અમલવારી કરી તા.૧૧ સપ્ટેમ્બર સુધી મેળાની મુદતમાં વધારો મંજૂર કરાયો હતો. વોર્ડ નં.૨,૩,૪ માં મેટલ, મોરમ ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાના કામ માટે વધારાનું રૂ.૭.૫૦ લાખ અને વોર્ડ નં.૮,૧૫ અને ૧૬ માટે રૂ.૭.૫૦ લાખનો વધારાનો ખર્ચ મંજુર કરાયો છે. આમ કુલ રૂ.૯૯.૬૦ લાખનો ખર્ચ મંજુર કરાયો હતો.




# મોરબીના રામધન આશ્રમ ખાતે ઋષિ પંચમીના તહેવાર નિમિતે બહેનો માટે સ્નાન-પૂજાનું આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી:ઋષિ પાચમ કે સામાપાચમ ભાદરવા મહિનાના શુક્લ પક્ષની પાંચમ એટલે કે પાંચમા દિવસે હોય છે. હિન્દૂ સનાતન ધર્મમાં ઋષિ પાચમ તહેવારનું અલગ મહત્વ છે. જેમાં હિન્દૂ ધર્મમાં સપ્તઋષિની આ તહેવાર નિમિતે પૂજા અર્ચના કરવામાં આવતી હોય છે તેમજ ઋષિ પાચમ એટલે ખાસ કરીને સ્ત્રીઓના માસિક સ્રાવ સમયે થતી અશુદ્ધિઓથી પોતાને શુદ્ધ કરવા કરવામાં આવતું સ્નાન-પૂજા અને શાસ્ત્રોક્ત ઉપવાસ છે. ત્યારે મોરબીના રામધન આશ્રમ ખાતે આવતી કાલે તા.૮/૦૯ને રવિવારના રોજ ઋષિ પાંચમના પવિત્ર તહેવાર નિમિતે ફક્ત બહેનો માટે સ્નાન-પૂજા તેમજ ફળાહારનું આયોજન કરવામાં આવ્યું છે.

મોરબી રામધન આશ્રમના મહંત પૂજ્ય ભાવેશ્વરી માઁ ની યાદીમાં જણાવ્યા અનુસાર મોરબીના મહેન્દ્રનગર ખાતે આવેલ પ્રસિદ્ધ રામધન આશ્રમે ઋષિ પાંચમના પવિત્ર તહેવાર નિમિત્તે ફક્ત બહેનો માટે સ્નાન તેમજ પૂજાનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. તેમજ ઋષિ પાંચમના ઉપવાસ માટે ફળાહાર, ચા-પાણી, સરબતની વ્યવસ્થા રાખવામાં આવ્યું છે. તો ઋષિ પાંચમના તહેવારની ઉજવણીનો લાભ લેવા ફક્ત બહેનોને જ પધારવા મહંત પૂજ્ય ભાવેશ્વરી માઁ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે, તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.





# જામજોધપુર તાલુકાના ભોજાબેડી અને જામ આંબરડી ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયું





**મુખ્ય સમાચાર, જામનગર**

પશુપાલન શાખા, જિલ્લા પંચાયત- જામનગર દ્વારા સંચાલિત પશુ દવાખાના- જામજોધપુર દ્વારા ભોજાબેડી અને જામ આંબરડી ગામે પશુ આરોગ્ય મેળા (ડઅખ) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના કુલ ૧૦૧ પશુપાલક લાભાર્થીઓના ૧૯૪ પશુઓને મેડીસીન, ગાયનેક, સર્જરીની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. તેમજ પશુપાલકોના ૪૩૫૩ પશુઓ માટે કૃમિનાશક દવાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

વધુમાં પશુચિકિત્સા અધિકારી ડો.આઈ.એમ.ભટ્ટી અને ડો.એમ.એમ.ચૌધરી દ્વારા ગામના પશુપાલક લાભાર્થીઓને પશુપાલન વિભાગ, ગુજરાત રાજ્યની વિવિધ સહાયકારી યોજનાઓ અને ૨૧મી પશુધન વસ્તી ગણતરીના આયોજન વિશે માહિતીગાર કરવામાં આવ્યા હતા.

તેમજ જામનગર જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીની કામગીરી અને પ્રાણીઓ વિરુદ્ધ ક્રૂરતા રોકવા અંગેના કાયદા વિશે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમ નાયબ પશુપાલન નિયામક ડો.તેજસ શુક્લ, જિલ્લા પંચાયત, જામનગર દ્વારા જણાવાયું છે.

# વાંકાનેરમાં ચંદ્રપુરના નાલા પાસે વિદેશી દારૂની બોટલ સાથે ઈસમ પકડાયો

વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ચંદ્રપુરના નાલા પાસે સર્વિસ રોડ ઉપર એક શખ્સ શંકાસ્પદ હાલતમાં ઉભો હોય જેથી તેને રોકી તેની અંગ ઝડતી લેતા પેન્ટના નેફામાં છુપાવીને રાખેલી વિદેશી દારૂની બ્લેન્ડર પ્રાઇડની એક બોટલ કિ.રૂ.૮૫૦/– મળી આવી હતી. જેથી આરોપી અનિરુદ્ધસિંહ દેવસીંગભાઈ સોલંકી ઉ.વ.૪૫ રહે.વાંકાનેર જીનપરા રંગવાળી શેરીવાળાની સ્થળ ઉપરથી અટક કરી તેની વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

# વાંકાનેરના કોઠી ગામે ટ્રેક્ટરની ટ્રોલી તથા રોટાવીટરની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ

વાંકાનેરમાં તસ્કરો બેફામ બન્યા છે ત્યારે વાંકાનેરના ગ્રામ્ય વિસ્તાર કોઠી ગામની સીમમાં ખેડૂતના પ્લોટની બાજુમાં રોડની સાઈડમાં રાખેલ ટ્રેક્ટરની ટ્રોલી તથા બીજા એક ખેડૂતની વાડીયેથી ખેતર ખેડવાના ઉપયોગમાં લેવાતું રોટાવિટરની ચોરી થયા અંગે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. વાંકાનેર તાલુકાના કોઠી ગામે ગઈ તા.૦૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રાત્રીના કોઠી ગામે રહેતા દેવજીભાઈ લખમણભાઈ સોલંકીએ પોતાના પ્લોટ પાસે રોડની સાઈડમાં ટ્રેક્ટરની ટ્રોલી રજી.નં. જીજે-૧૪-ડબલ્યુ-૭૭૮૨ કિ.રૂ.૮૦ હજાર રાખેલ હોય તથા ગઈ તા.૩૦ મે ના રોજ ઉસ્માનગનીભાઈએ પોતાની વાડીમાં રાખેલ રોટાવિટર કિ.રૂ.૪૦ હજારની કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ચોરી કરી લઈ જતા પ્રથમ ગામમાં તેમજ આજુબાજુના વિસ્તારમાં આપમેળે તપાસ કરતા આજદિન સુધી મળી ન આવતા આખરે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# આઈસરના ચોરખાનામાંથી ઈંગ્લીશ દારૂની ૩૦૫ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા



જામનગર શહેરમાં દારૂનો જથ્થો ઘૂસે તે પહેલા જ એલસીબીએ ખીજડીયા બાયપાસ પાસેથી ઝડપી પાડ્યો હતો. રાજસ્થાનથી આવી રહેલી આઈસરના ચોરખાનામાંથી ઈંગ્લીશ દારૂની ૩૦૫ બોટલ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા.જામનગર એલસીબીએ ખીજડીયા બાયપાસ પાસે વોચ ગોઠવી હતી. જે દરમિયાન એક આઈસર મીની ટ્રક પસાર થતાં પોલીસે તેને અટકાવ્યો હતો અને તલાશી લીધી હતી. સૌ પ્રથમ આઈસરમાં કંઈ દેખાતુ નહતું. પરંતુ ટુકડીએ ઊંડાણપૂર્વકની તપાસ કરતાં આઈસર અંદર ચોરખાના મળી આવ્યા હતા. તેના પતરા વગેરે ખોલીને અંદર નિરીક્ષણ કરતાં ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી ક્ઈઇ ની ટુકડી એ સમગ્ર દારૂનો જથ્થો ખાલી કરાવતાં અંદરથી ૩૦૫ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો, બે નંગ મોબાઈલ ફોન, એક આઈસર મિનિ ટ્રક વગેરે સહિત ૧૧,૩૨,૦૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો, જયારે આઈશર ટ્રકમાં બેઠેલા રાજસ્થાનના બે શખ્સો જોગીરામ મોનીરામ બારોટ તેમજ કેવતાશમ ભુમારામ બારોટ ની અટકાયત કરી લીધી હતી.

# ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સે અતિવૃષ્ટિમાં ૩,૭૦૦ થી વધુ અબોલ પશુઓની સારવાર કરી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લામાં થયેલ અનરાધાર વરસાદના કારણે અનેક વિસ્તારો પુર અસરગ્રસ્ત બન્યા હતા.જિલ્લા વહીવટી તંત્રએ સતર્કતા દાખવી જાન માલની ઓછામાં ઓછી નુકસાની થાય તે માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી લોકોને મદદરૂપ થવા શક્ય તમામ પ્રયાસો હાથ ધર્યા હતા.ત્યારે અબોલ જીવોની પણ સ્થાનિક પ્રશાશન દ્વારા એટલી જ કાળજી લેવાઈ અને જિલ્લાનું પશુધન સુરક્ષિત રહે તે માટે ભરપૂર પ્રયત્નો કરાયા.જામનગર જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિના કારણે માણસની સાથે સાથે અબોલ પશુ પક્ષીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા. આ આફતમાં પશુઓ હેમખેમ રહે તે માટે ૧૯૬૨ એમ્બ્યુલન્સ અબોલ પશુઓની સેવામાં સતત દોડતી રહી.આ અંગે ૧૯૬૨ ના પ્રોગ્રામ મેનેજર ડો.શોએબ ખાને જણાવ્યું કે, સમગ્ર જામનગર જિલ્લામાં ૧૯૬૨ એમ્બ્યુલન્સના ફરતા દવાખાના દ્વારા ગામે ગામ પહોંચી વરસતા વરસાદમાં પણ ૩,૭૦૬ જેટલા અબોલ પશુઓની સારવાર કરાઈ અને આ આપદાની ઘડીમાં તાત્કાલિક મદદે પહોંચેલી ૧૯૬૨ એમ્બ્યુલન્સ અનેક પશુઓ માટે જીવાદોરી સમાન સાબિત થઈ. ભારે વરસાદના કારણે અનેક ગામોમાં પશુઓ ઘાયલ અથવા બીમાર થયા હતા ત્યારે ૧૯૬૨ એમ્બ્યુલન્સને પશુઓની સારવાર અંગેના સતત કોલ મળતા હતા.ત્યારે ૧૯૬૨ ના કર્મચારીઓએ પણ એટલી જ ત્વરા દાખવી રાત દિવસ ગામે ગામ સારવાર અને મુલાકાત ચાલુ રાખી અને તા.૩૧ ઓગસ્ટથી લઈ તા.૪ સપ્ટેમ્બર દરમિયાન માત્ર પાંચ દિવસના ગાળામાં જ જિલ્લાના વિવિધ ગામોમાં ૧૬૦૦ થી વધુ વખત પશુઓની સારવાર માટે પહોંચી અને આપદાની ઘડીમાં પશુધનની યોગ્ય સારવાર તથા નિદાન કરી તેઓને નવજીવન આપ્યુ.





# મોરબીના શનાળા રોડ હાઉસિંગમાંથી લાપતા થયેલ યુવતીએ પ્રેમલગ્ન કરી લીધાનું ખુલ્યું

મોરબી શનાળા રોડ હાઉસિંગ બોર્ડના રહેણાંકમાં રહેતી ૨૦ વર્ષીય જાનકીબેન ચંદ્રેશભાઈ સોની(નેપાળી)નામની યુવતી ગઈ તા.૧૩/૦૮ના રોજ તેના પિતાને ઘરેથી કામ ઉપર જવાનું કહી લાપતા થઈ હોય જેથી યુવતીના પરિવાર દ્વારા આપમેળે પરિચિતો અને ઓળખીતામાં તપાસ શરૂ કરતા જાનકીબેનના કોઈ સગડ ન મળતા ગઈ તા.૨૪/૦૮ના રોજ જાનકીબેનના ભાઈ દ્વારા પોલીસ મથકમાં ગુમસુધા નોંધ કરાવી હતી. બીજીબાજુ લાપતા થયેલ જાનકીબેન પોતાના પ્રેમી વિશાલભાઈ પરમાર સાથે અમદાવાદ ભાગી જઈ ત્યાં પ્રેમલગ્ન કરી લીધા હતા. પ્રેમલગ્ન કરી લીધા બાદ બંને યુગલ વિશાલભાઈના નાના કે જેઓ ખાખરેચી ગામે રહેતા હોય ત્યાં બંને રોકાઈ ગયા હતા. ત્યારે પોલીસ મથકમાં લાપતા થયાની ફરિયાદ થયા હોવાનું જાનકીબેનને જાણવા મળતા જાનકીબેન અને વિશાલભાઈ ગઈકાલ તા.૦૬/૦૯ના રોજ લગ્ન નોંધાણીના આધાર પુરાવા સાથે સીટી એ ડિવિઝનમાં હાજર થયા હતા. હાલ પોલીસે ગુમ પરત અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના મોલાઈ રાજા દરગાહમાં દાનપેટી તોડી પરચુરણની ચોરી

મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલી મૌલાઈ રાજાની દરગાહમાં ગત રાત્રિના સમયે ચોરીની ઘટના બની છે. મોડી રાત્રે ૨ વાગ્યાની આસપાસ દરગાહમાં ચોરીનો બનાવ બન્યો હતો. ચોરીની ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં દેખાઈ રહ્યું છે કે એક ચોર દરગાહમાં પ્રવેશે છે અને દરગાહમાં રહેલી પરચૂરણ રૂપિયાની પેટી લઈને જતો રહે છે. ચોરે દરગાહમાં રહેલી તિજોરી તોડવાનો પણ પ્રયાસ કર્યો હતો પરંતુ તિજોરી તૂટી ન હતી. માત્ર પરચૂરણ રૂપિયાની ચોરી કરીને ચોર નાસી છુટ્યો હતો. ફૂટેજના આધારે પોલીસે ચોરનું પગેરું દબાવવા તજવીજ હાથ ધરી છે.

# જોડીયા તાલુકાના ભાદરા ગામે તાલુકા કક્ષાના વન મહોત્સવ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જોડીયા તાલુકાના ભાદરા ગામે ભાદરા પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાના ૭૫ માં વન મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વાગત ગીત સાથે મહેમાનોનું તુલસીના રોપા અર્પણ કરીને તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહેમાનો અને શાળાના બાળકોએ વન અને પર્યાવરણનું મહત્વ સમજાવતું પ્રાસંગિક ઉદબોધન રજૂ કર્યું હતું.

કાર્યક્રમમાં વન સંરક્ષણ માટે શ્રેષ્ઠ કામગીરી કરનારનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ગામના તલાટી કમ મંત્રી વિપુલભાઈ પનારા અને શાળાના શિક્ષક ભાસ્કરભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે આભારવિધિ ફોરેસ્ટર કિશોરભાઈ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં હાજર ગ્રામજનોને રોપનું વિતરણ વન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.ઉક્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત જામનગરના કારોબારી અધ્યક્ષ ચંદ્રિકાબેન અઘેરા, ધ્રોલ માર્કેટિંગ યાર્ડના ડાયરેકટર રસિકભાઈ ભંડેરી, વન વિભાગમાંથી ફોરેસ્ટર ભાલિયા, ફોરેસ્ટર જાડેજા, તાલુકા અગ્રણી જેઠાલાલ અઘેરા, દામજીભાઈ, જોડીયા મામલતદાર કવાડીયા, જોડીયા તાલુકા વિકાસ અધિકારી ઠોરીયા, ગામના વહીવટદાર ગીરધરભાઈ ગઢીયા, જોડીયા તાલુકા પંચાયત અને જોડીયા ગ્રામ પંચાયતના સદસ્યો, પ્રાથમિક શાળાના સ્ટાફ મિત્રો, વિદ્યાર્થીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.



# જામનગરમાં જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતીમેળાનું આયોજન કરાયું જોબફેરના અંતે ૨૨૧ ઉમેદવારોની પ્રાથમિક રીતે પસંદગી કરવામાં આવી



જામનગર જિલ્લા રોજગાર કચેરી, જામનગર ખાતે જોબફેર તેમજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં રોજગાર અધિકારી સરોજબેન સાંડપા દ્વારા જોબફેર, રોજગારીની તકો, જિલ્લા રોજગાર કચેરીની કામગીરી વિશે ઉમેદવારો અને નોકરીદાતાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન ઓફિસર દર્શિત ભટ્ટ દ્વારા સ્વરોજગાર માટે વિવિધ લોન સહાય વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ અત્રેની કચેરીના પ્લેસમેન્ટ ઓફિસર દ્વારા સ્વરોજગાર, રોજગાર રજીસ્ટ્રેશન, અનુબંધમ પોર્ટલ, જોબફેરની વેંકેન્સી વિશે ઉપસ્થિત સર્વેને માહિતગાર કરવામાં આવ્યા હતા.વિવિધ નોકરીદાતાઓ દ્વારા તેમની કંપનીઓની પ્રાથમિક માહિતી ઉમેદવારોને આપવામાં આવેલ. આ જોબફેરમાં ૧૬ જેટલા ખાનગી એકમોના નોકરીદાતાઓ હાજર રહ્યા હતા. તેમના દ્વારા હાજર રહેલા ૩૧૦ ઉમેદવારોનું સ્થળ પર જ ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમના અંતે ૨૨૧ જેટલા ઉમેદવારોની પ્રાથમિક ધોરણે પસંદગી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન બદલ જિલ્લા રોજગાર કચેરી જામનગરના પ્લેસમેન્ટ ઓફિસર વિરેન્દ્રસિંહ વાઢેર અને સમગ્ર સ્ટાફ મિત્રો દ્વારા જહેમત ઉઠાવવમાં આવી હતી.જોબફેરના અંતે મદદનીશ રોજગાર અધિકારી ભારતીબેન ગોજીયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમ જિલ્લા રોજગાર અધિકારી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં ટ્રાફિક પોલીસ નાગદાનભાઈ તથા જીઆરડી જવાન રાજભાઈએ રોડ-રસ્તા ઉપરના ખાડા બુર્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં હાલ પાલિકા-તંત્રની બેદરકારી તથા ઠેર-ઠેર ગંદકી, કચરાના ઢગલા, વરસાદી પાણી ભરાવવાની સમસ્યા, ભૂગર્ભ ગટર ઉભરાવવી તથા વરસાદને લીધે કે પહેલાના રોડ ઉપરના મસમોટા ખાડાઓ સહિતની સમસ્યાથી પ્રજાને હાલાકી ભોગવવા સિવાય કોઈ રસ્તો નથી, ત્યારે આ બધા વચ્ચે પાલિકા તંત્રનું કામ હાલ મોરબી ટ્રાફિક પોલીસ કરી રહી હોય મોરબી ટ્રાફિક પોલીસ નાગદાનભાઈ તેમજ જીઆરડી જવાન રાજભાઈ દ્વારા રોડ ઉપરના ખાડા જાતે બુરી ટ્રાફિક જામ તથા ત્યાંથી પસાર થતા રોડ અકસ્માતમાં મહદઅંશે રોક લાગવાનો પ્રયાસ કર્યો છે. મોરબી શહેરમાં હાલ મુખ્ય બજારો, જાહેર માર્ગોના રસ્તાઓની હાલત બહુજ ખરાબ છે. ત્યારે રસ્તાઓના ખાડાઓમા પાણી ભરાઈ જતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવે છે કેમકે આ પાણી ભરાયેલ ખાડા ન દેખાતા લોકો અકસ્માતનો ભોગ બને છે જ્યારે નાના ટુ વ્હીલ સ્લીપ થઈ જાઈ છે. ત્યારે આવીજ સમસ્યા મોરબીના હાર્દ સમાન શનાળા રોડ ઉપર સરદાર બાગ પાસે છે, જેમા સિમેન્ટ રોડ પર મોટા ખાડા પડી ગયા છે. ત્યારે આ ખાડાઓમાં અવાર-નવાર વાહન ચાલકો પડી જવાના બનાવ સામે આવે છે.

સરદાર બાગ આસપાસ ઘણી સ્કુલ-કોલેજ આવેલી છે જેના હજારો વિધાર્થીઓ અહીયાથી પસાર થતા હોય છે ત્યારે નગરપાલીકા દ્વારા આ રોડ-રસ્તાઓનું સમારકામની કામગીરી હાથ ન ધરતા સરદાર બાગ પાસેના ટ્રાફિક પોલીસ પોઈન્ટ ઉપર ફરજ બજાવતા નાગદાનભાઈ ગઢવી તથા જીઆરડી જવાન રાજભાઈ ગોહેલ દ્વારા રોડ પર પડી ગયેલ ખાડામાં કપચી અને લાદીના ટુકડાના બાચકા ભરી આ ખાડાઓ બુરવામાં આવતા જ્યાંથી પસાર થતા લોકોને ચાલવામાં રાહત થઈ હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે હાલ જે ખાડા બુરવાની કામગીરી કરવામાં આવી તે પહેલી વખત નથી. જ્યારે જ્યારે આવા ખાડાઓ પડી જાય ત્યારે અવાર- નવાર આવી જ રીતે તેઓ પોતાની ટ્રાફિક પોલીસની ફરજ સાથે આ કામગીરી કરી માનવતા મહેકાવતા હોય છે.



# દુંદાળા દેવનું ઢોલ-નગારાના તાલે આસ્થાભેર સ્થાપન કરાયું









(તસ્વીરઃ આનંદ જાવિયા)





## રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર – કચ્છમાં ગણપતિ મહોત્સવની ઉજવણીના ભવ્ય આયોજનોઃ દુંદાળા દેવની ભકિતમાં વિભોર બનશે ભકતોઃ ઠેર ઠેર ગણેશ સ્થાપનાઃ રાજકોટમાં ૫૦૦૦ થી વધુ ગણેશ સ્થાપનાઃ વિવિધ વિસ્તારોમાં ગણેશોત્સવના આયોજનો : સાંજે મહાઆરતી – પ્રસાદ વિતરણ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત દેશભરમાં આજથી ગણેશ મહોત્સવનો ભારે ઉમંગ અને આસ્થાભેર પ્રારંભ થયો છે. રાજકોટમાં વિવિધ પંડાલોમાં આજે સવારે શુભ મુહૂર્તમાં દાદાની વાજતે ગાજતે પધરામણી થઈ હતી. ભકતોએ ભારે લાડકોડ સાથે દાદાને બિરાજમાન કર્યા હતા. આ ઉપરાંત અનેક ભાવિકોએ પોતાના ઘરે પણ ગણપતિ દાદાનું સ્થાપન કર્યુ હતું. આજથી દસ દિવસ સુધી સમગ્ર શહેર ગણપતિ મય બની જશે. ભાવિકો ગણપતિજીના ગુણગાન ગાઈને દાદાના મહોત્સવની ઉજવણી કરશે અને તા.૧૭મીએ ભાવભેર વિદાય આપશે.

આજે ગણેશ ચતુર્થી છે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠેરઠેર ગણપતિ સ્થાપના સાથે ગણેશ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો છે.આજથી દસ દિવસ હૈયાના હેત સાથે ગણપતિ મહોત્સવ ઉજવાશે.

સૌરાષ્ટ્રના નાના નાના ગામડાઓમાં પણ ગણેશ મહોત્સવના આયોજનો થયા છે. ગણપતિ બાપા મોરીયાનો ગગનભેદી નાદ આજથી ગુંજી ઉઠયો છે. ગણપતિ મહોત્સવમાં સાંજે મહાઆરતીના આયોજનો કરવામાં આવે છે. તથા દિવસભર પ્રસાદીનું વિતરણ કરવામાં આવે છે.

રાજકોટમાં વિવિધ વિસ્તારોમાં ગણેશ ઉત્સવોના આયોજનો થયા છે. અનેક પરિવારો પોતાના ઘરમાં ૩/૭ કે નવ દિવસના ગણપતિની સ્થાપના કરે છે. તા.૧૭મીના ગણપતિ વિસર્જન થશે. રાજકોટમાં અંદાજે ૩૦૦૦ થી વધુ ગણેશ સ્થાપના થયેલ છે. મંડળો અને સંસ્થાઓ દ્વારા ગણપતિ મહોત્સવમાં દસ દિવસ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો કરાયા છે.

## પરિવારના આગ્રહને કારણે આત્મહત્યા જાહેર ન્હોતી કરવામાં આવીઃ ગુણાતીત સ્વામીની આત્મહત્યા અંગે હરિધામ સોખડા મંદિરની સ્પષ્ટતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હરિધામ, સોખડાના સંત ગુણાતીતચરણ સ્વામીએ એપ્રિલ ૨૦૨૨માં બીમારીથી કંટાળીને આત્મહત્યા કરી હતી તે બાબતે દાખલ થયેલ ગુન્હાના સમાચારો અંગે સ્પષ્ટતા કરતાં શ્રી હરિ આશ્રમ, હરિધામ, સોખડાના સેક્રેટરી જે. એમ. દવેએ જણાવ્યું છે કે, હરિધામ-સોખડાના અધિષ્ઠાતા બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજનાં અક્ષરધામગમન પછી એપ્રિલ ૨૦૨૨માં એક જુથ અલગ થવાથી ઉદાસ રહેતા અને કેટલાક સમયથી બીમાર એવા ગુણાતીતચરણ સ્વામીએ રૂમમાં ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. આ વાતની જાણ તેમની રૂમમાં રહેતા પ્રભુપ્રિય સ્વામીને થતાં તેઓ ગભરાઈ ગયેલ અને તેમણે વડીલ સંત જ્ઞાનસ્વરૂપ સ્વામીને જાણ કરી હતી. બન્નેએ ગુણાતીતચરણ સ્વામી જીવિત હોવાની શક્યતાને ધ્યાને લઈને તેમને લટકતી અવસ્થામાંથી નીચે ઉતાર્યા હતા. પરંતુ તેઓનું મૃત્યુ થઈ ગયું હતું. આથી ગુણાતીતચરણ સ્વામીના પૂર્વાશ્રમના પિતરાઈ ભાઈ હરિપ્રકાશ સ્વામીને જાણ કરી હતી. રાત્રે મોડું થયું હોવાથી હરિપ્રકાશ સ્વામીએ સવારે ગુણાતીતચરણ સ્વામીના સગા ભાઈ કિશોરભાઈને બનાવની હકીકત જણાવી હતી. પરંતુ કિશોરભાઈએ પોતાના ભાઈ બેંતાલીસ વર્ષથી સાધુ હોય તેમનું ખરાબ ન લાગે તે માટે આત્મહત્યાની વાત જાહેર ન કરવા આગ્રહ કર્યો હતો.

ગુણાતીતચરણ સ્વામીના ભાઈનો આગ્રહ સ્વીકારીને મંદિરના વડીલોએ કુદરતી મોત થયાનું જાહેર કર્યું હતું અને કોઈપણ ઉતાવળ કર્યા સિવાય સંપ્રદાયની પરંપરા પ્રમાણે અંતિમવિધિની તૈયારી કરી હતી. દિવંગત સંતના પરિવારના લોકોની રાહ જોવાઈ રહી હતી ત્યારે જ પોલીસને જાણ થતાં પોસ્ટમોર્ટમ કરાવવાની વિધિ કરવામાં આવી હતી.

બનાવ બાદ તરત જ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમજ મંદિરના વડીલોએ કયા સંજોગોમાં બનાવ જાહેર કરવામાં ન આવેલો તેની ખરી હકીકત પોલીસને જણાવી દીધી હતી અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપ્યો હતો. આ એક્વારની તપાસ પૂર્ણ થયા પછી ગુણાતીતચરણ સ્વામીના દૂરના ભત્રીજાએ હરિધામથી અલગ થયેલ જૂથના પ્રભાવમાં આવીને અરજી કરતાં પોલીસે બીજીવાર તપાસ કરી હતી. પરંતુ, બનાવ આત્મહત્યાનો જ હોવાનું તારણ નીકળ્યું હતું. તે પછી તેમણે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરતાં પોલીસ તપાસ કરીને ગુન્હો

દાખલ થઈ શકે તેમ છે કે નહીં? ન થઈ શકે તેમ હોય તો અરજદારને જાણ કરવા આદેશ થયો હતો.

નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ ફરીથી પોલીસ તપાસ હાથ ધરી હતી. તેમાં પણ મંદિર પ્રશાસને સંપૂર્ણ સહકાર આપ્યો છે. જાણવા મળ્યા મુજબ પોલીસે નોન કોગ્નીઝિબલ ગુનો દાખલ કર્યો છે.

## સી.આર. પાટીલ રાજકોટ પહોંચે તે પહેલા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી અને સફાઈ કામદારો વચ્ચે તૂ તૂ મેં મેં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એક બાજુ ભાજપના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી બન્યા બાદ સી.આર.પાટીલ આજે પ્રથમ વખત રાજકોટની મુલાકાત લીધી હતી. જોકે પાટીલ રાજકોટ પહોંચે તે પહેલા રાજકોટ ભાજપ કમલમ કાર્યાલય ખાતે દલિત સમાજના અગ્રણી પારસ બેડિયાની અધ્યક્ષતામાં સફાઈ કામદારો ભરતીના વિરોધમાં વિરોધ કરવા પહોંચતા હોબાળો મચી ગયો હતો. સી.આર.પાટીલનાં આગમન પહેલા મોટી સંખ્યામાં સફાઈ કામદારો રજૂઆત માટે પહોંચતા સફાઈ કામદારોને શહેર પ્રમુખે કડક ભાષામાં ખખડાવ્યા હતા. પરંતુ પછી પરસેવો છૂટતા ખુલાસો આપવો પડ્યો હતો.



ગુજરાત ભાજપનાં પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ રાજકોટના ભાજપના કાર્યાલયના કાર્યક્રમમાં આવ્યાં હતાં. આ સમયે ભાજપ પક્ષના જ દલિત સમાજના યુવા અગ્રણી અને સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ કાર્યકરો અને લોકો સાથે રજૂઆત કરવા પહોંચ્યાં હતાં. જોકે, ભાજપના શહેર પ્રમુખ મુકેશ દોશીએ કડક ભાષામાં તતડાવ્યા હતા. શહેર પ્રમુખ મુકેશ દોશીએ કહ્યું, આ રીતે વિરોધ કરવો એ યોગ્ય ન કહેવાય.

રાજકોટ મનપામાં હંગામી સફાઈ કામદારોની ભરતી પ્રક્રિયા શરૂ થઈ હતી અને બાદમાં થયેલા ઠરાવ મૂજબ જેમના પરિવારમાંથી કોઈ અગાઉ સફાઈ કામદાર રહી ચૂક્યા હશે તો તેમની જ ભરતી થશે. ૫૩૨ જગ્યા પર ભરતી સામે અગાઉ સફાઈ કામદાર યુનિયન તેમજ કોંગ્રેસે પણ વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે જ ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલના આજના કાર્યક્રમ વખતે કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડિયા સહિતનાં પહોંચ્યા હતા. જોકે, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ તેમને ખખડાવ્યા હતા. જે દશ્યો કેમેરામાં કેદ થઈ ગયા હતા.

આ અંગે અગાઉ વિપક્ષ નેતા વશરામ સાગઠિયાએ જણાવ્યું કે, રાજકોટમાં રૈયા અને તે બાદના ગામો ભળ્યા તે પહેલાના સેટઅપ મુજબ સફાઈ કામદારો છે, પરંતુ હવે શહેરનો વિસ્તાર વધ્યો છે. ત્યારે હકીકતમાં અડધા કામદારો પણ ઉપલબ્ધ નથી. સ્થિતિ સુધારવા ભરતીઓ શરૂ કરવામાં આવી છે તે સારી બાબત છે પણ તેમાં ભ્રષ્ટાચાર થવાની ફરિયાદો ઉઠી રહી છે. દેશના બંધારણે તમામ નાગરિકોને સમાન અધિકારો આપ્યા છે, જેમાં ગરીબ વંચિત સમાજ માટે સામાજિક ન્યાયની તરફેણ કરી છે. તેના અનુસંધાને મહાનગરપાલિકાનું સેટઅપ જે ૪૯૦૦ સફાઈ કામદારોનું છે તે ૨૫ વર્ષ પહેલાનું છે. એટલે કે, તે સમયે કોઠારિયા વાવડી, મવડી, મુંજકા, નાના મવા રોડ, માધાપર વગેરે ગામો કોર્પોરેશનમાં ભળેલા નહોતા ત્યારથી ચાલ્યુ આવે છે.

રાજકોટનાં હાલના વિસ્તાર મુજબ જો સફાઈ કામદારો મુકવામાં આવે તો ૧૦થી૧૧ હજાર સફાઈ કામદારોની જરૂરીયાત પડે તેમ છે. મનપાની અન્ય કર્મચારીઓને પગાર ચુકવવામાં વાંધો નથી, ફકત સફાઈ કામદારોનો જ પગાર ચુકવવામાં વાંધો આવે છે. નવા વિસ્તારો મુજબ નવું સેટઅપ ઉભુ કરવાની જરૂર છે.

જોકે, બાદમાં મીડિયા સાથેની વાતચાતમાં કહ્યું કે મોટા ભાઈ તરીકે બોલ્યો, તેમ છતા દિલથી માફી માંગુ છું. તેમણે જણાવ્યું કે, રજૂઆત કરવા આવનાર ભાજપ પરિવારના હતા. આ માટે મોટાભાઈ તરીકે ઠપકો આપ્યો હતો.

## આજે મૂર્તિ પૂજક સમાજ તથા રવિવારે સ્થાનકવાસી જૈનો સંવત્સરી ક્ષમા પર્વ ઊજવશે

ધ હીલીંગ હાર્ટ નામના પુસ્તકના લેખક નોર્મન કઝીન્સનું માનવું છે કે વેરભાવના રાખવાથી શરીરમાં હૃદય રોગના હુમલા આવે છે તેમજ અનેક રોગ આવે છે.એનાથી ઉલ્ટુ ક્ષમાનો ગુણ જે લોકોએ અપનાવ્યો તો ઘણા લોકોના બ્લડ પ્રેસર ઓછા થયેલા.

એક ડોકટરે કહ્યું કે શરીરમાં મોટા ભાગના રોગો વેર વૃતિ અને ઝઘડાને કારણે થાય છે. મનની અંદરની શાંતી ક્ષમા ભાવથી મળે છે આવું ફ્રેન્ચ નવલ કથાકાર એન્ટ્રુ મોરઈસે કહેલું. નેલસન મંડેલાની ક્ષમા અદભૂત હતી. ભૂલ થઈ જવી સરળ છે પરંતુ ક્ષમા આપવી કે માંગવી તે દિવ્ય ગુણ છે. ચીની ફિલસૂફે કહેલું તમે કોઈને માફ કરો ત્યારે તમારામાં એક નવી દિવ્ય ચેતના જાગે છે.નવી શકિત આવે છે. વેર રાખવું એ નબળો માણસ પુરવાર થવા જેવું છે,જ્યારે માફી આપવી તે બહાદુર માણસોનું કામ છે તેમ મહાત્મા ગાંધીજી કહેતાં.ક્ષમા વીરસ્ય ભૂષણમ્ નસ્ર ક્ષમાને વીરોનું આભૂષણ કહેવાયું છે. ક્ષમા શક્તિમાનને શોભે. દૂર્બળ વ્યક્તિનો માફીનો કોઈ અર્થ નથી.જયારે સમર્થ વ્યક્તિ કોઈ દુર્બળ વ્યક્તિ પાસે પોતાની ભૂલની ક્ષમા માંગે ત્યારે ધર્મ સોળે કળાએ ખીલી ઊઠે છે.અરે ! દેવો પણ દુંદુભી વગાડવા અને પુષ્પ વૃષ્ટિ કરવા થનગને છે.એટલે જ તો ગજસુકુમાર મુનિની ક્ષમાની અંતગડ સૂત્રમાં નોંધ લેવાણી.તેવી જ રીતે રાજા પરદેશીને પોતાની જ પત્નીએ ભોજનમાં ઝેર આપ્યું છતાં રાજાએ ક્ષમા ધારણ કરી અને એટલે જ તો એક આખું આગમ શ્રી રાયપસેણીય સૂત્ર રાજા પરદેશીના નામે લખાણું. ક્ષમા માંગવી એ નબળાઈ નહીં પણ તાકાત છે. ધ વન મિનિટ એપોલોજી નસ્ર નામના પુસ્તકમાં લેખક કેન બ્લેન્યાર્ડ લખે છે કે પોતાની ભૂલ સુધારવામાં અથવા કોઈને ક્ષમા આપવામાં માત્ર એક મિનિટનો જ સમય લાગે છે પણ બહુ ઓછા લોકો આ આદત કેળવી શકે છે. મનોજ ડેલીવાળા જણાવે છે કે ક્ષમાનો ઉપદેશ માત્ર મહાવીરે જ આપ્યો તેવું નથી પરંતુ મહમંદ પયંગબર સાહેબે પણ કહેલું... અલ્લાહ દયાળુમાં દયાળુ છે,તારા માટે ખુદાને અપાર કરૂણા છે,તારી ભૂલોને ભૂલી જશે અને તને માફ કરશે,તું પણ દરેકને માફ કરતો જજે.ક્રિશ્ચયન ધર્મ ગુરુઓ કહે છે તમે કહેવાતા શત્રુને મનોમન ક્ષમા આપી તો જુઓ ! ઈસુ જરૂર તમોને આશીર્વાદ આપશે.

સ્પેનિશ કહેવત એ છે કે શ્રેષ્ઠ વેર એ છે કે જે કદી લેવાયું ન હોય.પ્રભુ મહાવીર કહે છે. ક્ષમાથી પરીષહો ઉપર વિજય મેળવી શકાય છે. નમે તે સૌને ગમે...જ્યારે ખમે તે પ્રભુ મહાવીરને ગમે તેમ મનોજ ડેલીવાળાએ જણાવ્યું છે.

## વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૦૯થી ૧૮ સપ્ટેમ્બર સુધી બાજવા સ્ટેશનથી શરૂ થશે



પશ્ચિમ રેલવેના વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર એન્જિનિયરિંગના કામ માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસને અસર થશે. ૦૯ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ બાજવા સ્ટેશનથી ઉપડશે અને વડોદરા–બાજવા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.શક્ષ ની મુલાકાત લઈ શકે છે.

## ૦૮ અને ૧૫ સપ્ટેમ્બરની ઓખા–ગોરખપુર એક્સપ્રેસ આંશિક રીતે બદલાયેલા રૂટ પર દોડશે

ઉત્તર મધ્ય રેલવેના ઝાંસી ડિવિઝન પરના ધોલપુર–હેતમપુર સ્ટેશનો વચ્ચે એન્જિનિયરિંગના કામ માટેના બ્લોકને કારણે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા–ગોરખપુર એક્સપ્રેસ ટ્રેન આંશિક રીતે બદલાયેલા રૂટ પર દોડશે. ૦૮ અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ, ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૦૪૬ ઓખા–ગોરખપુર એક્સપ્રેસ ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા ગ્વાલિયર–ભીંડ–ઈટાવા થઈ ને દોડશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## બાળવા પાસે કાર ડીવાઈડર સાથે ભટકાતા દ્વારકાના પોલીસમેનનું મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા પોલીસના કર્મચારીઓ પોલીસકાર લઈ અમદાવાદ હાઈકોર્ટ ખાતે તારીખમાં ગયા હતા ત્યાથી પરત દ્વારકા આવતા હોય ત્યારે બાવળા નજીક પોલીસ જવાનોની કાર ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં એક જવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. આમ જવાનના મોતથી દ્વારકા પોલીસ બેડામાં શોકનો માહોલ છવાયો છે. દ્વારકા જિલ્લાના દ્વારકાના ચાર પોલીસ કર્મીઓ હાઈકોર્ટની મુદતે અમદાવાદ જઈને પરત ફરતા રસ્તામાં બાવળા પાસે ડીવાઈડર સાથે અલ્ટો કાર અથડાતા અકસ્માતમાં દ્વારકાના પોલીસ જમાદારનું મૃત્યુ થતા તથા ત્રણ પોલીસ કર્મીને ઈજાઓ થતા દ્વારકા જિ. પોલીસમાં શોકનું મોજુ છયાઈ ગયું હતું. દ્વારકા પોલીસ





સ્ટેશનમાં જમાદાર તરીકે નોકરી કરતા ભાયાભાઈ ગોજીયા (ભાવેશભાઈ) ઉ.વ.૩૧ વાળા તથા પોલીસમાં ફરજ બજાવતા હરપાલસિંહ, દિલીપસિંહ તથા અળશીભાઈ ગોજીયા આ ચાર વ્યીકત અલ્ટોકાર ડીવાઈડર સાથે અથડાતા ધડાકા સાથે કાર અથડાતા ઈજાઓ જતા ભાયાભાઈનું મૃત્યુ થયું હતું. જયારે કારમાં બઠેલા હરપાલસિંહ, દિલીપસિંહને ઈજાઓ થઈ હતી. બનાવની જાણ થતાં દ્વારકા જિ. પો. વડા નીતેશકુમાર પાંડે દ્વારા ત્યાંથી આવતા દ્વારકા ડી.વાય.એસ.પી. સાગર રાઠોડને સ્થળ પર મોકલ્યા હતા જેઓ ઈજાગ્રસ્તોને હોસ્પીટલે લઈ ગયા હતા તથા બનાવમાં મદદરૂપ થયા હતા. મૃતક ભાયાભાઈ (ભાવેશભાઈ) કલ્યાણપુર તાલુકાના બાંકોડીના આહિર પરિવરના હતા તથા દ્વારકા નોકરી કરતા હતા તથા બે માલુમ પુત્રીઓના પિતા હતા. જેમનું મૃત્યુ થતા બે દિકરીઓ પિતાના છત્ર વગરની થઈ ગઈ હતી. બનાવથી બાંકોડી કલ્યાણપુર તાલુકામાં શોક છવાયો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

